# ટપક

**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર**

**વર્ષ : ૨ અંક : ૨ ફેબ્રુઆરી,૨૦૦૦**

**સંપાદક ટીમ**
પ્રકાશ ભટ્ટી
દયા ચૌહાણ
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા


## જળ અને જીવસૃષ્ટિ

જળ વિના જીવન શકય નથી. આપણે નાહવા,કપડા ધોવા,પીવા માટે પાણીની જરૂર પડે છે .વનસ્પતિને તેના વિકાસ માટે પાણીની જરૂર રહે છે પશુ–પક્ષીઓ પણ પાણી વિના જીવી શકતા નથી. નાના જીવજંતુઓને પણ પોતાનુ અસ્તિત્વ ટકાવી રાખવા માટે પાણીની જરૂર પડે છે. મોટા મોટા કારખાનાઓ નાના નાના પ્રોસેસિંગ યુનિટમાં પણ ઉત્પાદન લેવા માટે પાણીની જરૂરપડે છે.અરે વાહનોમાં પણ ગરમી નિયંત્રણ માટે રેડિયેટરમાં પાણી ભરવુ પડે છે.આ ઉપરાંત પણ સફાઈ વિ.બાબતો માટે પાણી વપરાય છે.

માણસની જયારે ઉત્પતિ થઈ ત્યારે માત્ર તે પીવા માટે પાણીનો ઉપયોગ કરતો સમય વિતતો ગયો તેમ તેમ તેની બુદ્ધિનો વિકાસ થતો ગયો અને સંશોધનો થયા તેમ તેની પાણીની જરૂરીયાતો વધવા લાગી. તેણે ખેતીની શરૂઆત કરી.પ્રારંભમાં તો વરસાદ આધારિત ખેતી થતી પણ વસ્તી વધી તેમ તેને વધારે ખોરાકની જરૂર પડવા લાગી. વર્ષમાં બે થી ત્રણ પાકો લેવા સિંચાઈ(પિયત)ની જરૂરીયાત વધી અને નાના કુવાઓ મારફત પિયત કરવા લાગ્યા.જેના કારણે પાણીના તળ ઉંડા ગયા અને માનવે આ ક્ષેત્રમાં આગળ વધી ઓઈલ એંજિન અને ઈલેકટ્રીક મોટરની શોધ કરી જેના કારણે પાણીના તળ વધુ ઉંડા ગયા એટલે હદ સુધી કે કુવા ખોદવા પોસાય નહી જેથી દારની શોધ થઈ અને સબમર્સિબલ પંપવડે પાણી ખેંચવાના શરૂ થયા જેના કારણે પાણીનુ તળ સાવ નીચે ગયુ.જેમાં ક્ષાર,સોડીયમ,ફલોરાઈડ જેવા ઝેરી પદાર્થો ભળ્યા અને જેનાથી નવા નવા રોગો વિસ્તરી રહયા છે. આમ, ખેતીમાં પુરતી આવક ન મળવાના કારણે લોકો પાણી વાળા વિસ્તારો તરફ સ્થળાંતર કરી રહયા છે.

આવુ શાથી બન્યુ? જમીનમાં પાણીનો જથ્થો મર્યાદિત છે.જે આપણે સતત ખેંચ્યે રાખ્યો છે.વૃક્ષો,ઘાંસ વિ.પાણીને રોકીને જમીનમાં ઉતારે છે.તેને આપણે સાફ કરી નાખ્યા એટલુ જ નહી જે પાણી છે તેનો યોગ્ય ઉપયોગ ન કરતા આપણે તેનો બગાડ કરીએ છીએ.ઘરે પાણીના ઉપયોગ કરતા અડધો અડધ દુરૂપયોગ થાય છે.જેના કારણે આજે આપણે પાણીની તંગી અનુભવી રહયા છીએ. આજથી ૩૦–૩૫ વર્ષ પહેલાનું ગામડું અને તેની શેરીઓ સ્વચ્છ હતી. કારણ લોકો વપરાશનું પાણી કુવામાથી ડોલ અને દોરડાથી કે રેંટથી ખેંચીને મેળવતા જે માણસની જરૂર મુજબપાણી મેળવાતું આજે શહેરી ગ્રામ્ય બંને વિસ્તારોમાં લોકોની સગવડ માટે તંત્ર દ્વારા ઘેરબેઠા પાણી આપવાની સુવિધા ઉભી થઈ છે. જેના કારણે ગામડાની શેરીઓ અને શહેરના રસ્તાઓ ઉપર (પાણીની આવી કારમી તંગીમા પણ તુટેલા નળોના કારણે, નળ બંધ કરવાની આળસના કારણે તુટેલી પાઈપ લાઈનોના કારણે કે પછી માણસની પાણીના વપરાશની જાગૃતિના અભાવે નાના વોંકળામાં જેમ વરસાદનું પાણી ભરાયું હોય તેમ) પાણી જોવા મળે છે. જે પાણીની સમસ્યા ઉભી કરવામાં મોટો ભાગ ભજવી રહયું છે, સાથે સાથે પ્રદુષણની સમસ્યા સાથે સમાજનું આરોગ્ય બગાડે છે.

સૌરાષ્ટ્રના પાણી પ્રશ્ને જાગૃતિમાટે સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારઅને લોકસંગઠનો એ જળસંચય અભિયાન શરૂ કર્યા છે. પણ દુષ્કાળ સામે ટકી શકાય તેટલો પાણીનો જથ્થો કયાંથી મેળવવો ? આપણે જમીનમાં પાણી જરૂર ઉતાર્યુ છે. અને ઘણાં લોકોને તેનાથી ફાયદો પણ થયો છે. પણ બન્યું છે એવુ કે પાણીનો બગાડ કરવામાં પણ આપણે પાછી પાની કરી નથી. કુવા કે બોરમાં પાણીની સપાટી ઉપર આવે કે તરત આપણે રાત દિવસ પાણીને ખેંચ્યા જ રાખીએ છીએ જેના કારણે પાછી એની એજ સ્થિતિ ઉભી થાય છે. આ માટે જરૂર છે. માનવ સમજણની અને વૈજ્ઞાનિક અભિગમ અપનાવવાની માનવ જો પાણીનો સમજ પૂર્વક ઉપયોગ કરે જરૂર મુજબ પાણી વાપરે અને ખેતીમાં વૈજ્ઞાનિક પિયત પધ્ધતિઓ જેવી કે ‘ટપક’ પધ્ધતિ, ફુવારા પધ્ધતિનો ઉપયોગ કરે તોજ પાણીનો પ્રશ્ન હલ થઈ શકે આપણે ગમે તેટલા ચેકડેમ, તળાવો, ખેત તલાવડીઓ કે નાલાપ્લગ બનાવીને પાણી રોકીશું છતાં પાણીની મુશ્કેલી નિવારી શકીશું નહી જયારે આપણે પાણીનું મહત્વ સમજી તેનો યોગ્ય ઉપયોગ કરીશું ત્યારે જ પાણીની મુશ્કેલી નિવારી શકીશું અને આપણું અસ્તિત્વ ટકાવી શકીશું ચેકડેમ તળાવો બાંધતાં પહેલા તેની જાળવણી અને પાણીના વપરાશ સંબંધી સમજણ અને તાલીમ સ્થાનિક લોકો માટે જરૂરી છે.

**ગરીબીમાં ગુનાખોરી જન્મે છે. –બર્નાડ શો**

## શેડુભાર ખાતે યોજાયેલ એન.એસ.એસ.કેમ્પ

અમરેલીની કે. કે. પારેખ કોમર્સ કોલેજનો એન.એસ.એસ. કેમ્પ (યુનિટ–૨ બહેનો) યોજાયો. શિબિરાર્થી બહેનોએ સફાઈ, સાંસ્કૃતિક કાર્યક્રમો, લોકજાગૃતિ અભિયાન, સ્વચ્છતા હરિફાઈ તેમજ અધ્યાપન કાર્ય કરાવેલ. કેમ્પ લીડર તરીકે વિદ્યાર્થીની કુ. વૈશાલી સાવલીયા તથા કુ. સોનલ ઉકાણીએ પ્રસંશનીય કામગીરી કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. જે.એમ. તળાવિયાએ કર્યુ હતું. યુવતિ વિકાસ કેન્દ્ર–અમરેલીએ આ કેમ્પ દરમ્યાન બહેનોને માર્ગદર્શન આપ્યુ હતું. શેડુભારની ગ્રામસભામાં શિક્ષણ કેન્દ્રના પ્રમુખશ્રી ધીરૂભાઈ વાગડીયા એ વોટરશેડ યોજના સંબંધી તથા શ્રી બિપીનભાઈ જોષીએ આરોગ્યલગત માહિતી આપી હતી. ગામના ખેડુતોની સભામાં શ્રી વજુભાઈ ગોવિંદિયા તથા ખેતીવાડી અધિકારી શ્રી લક્ષ્મણભાઈ વેકરીયાએ ખેતિ વિષયક માહિતી આપી હતી.

## લીલીયાના ક્રાંકચ ગામે ઉધ્ઘાટન કાર્યક્રમ યોજાયો

અમરેલીના લીલીયા તાલુકાના ક્રાંકચ ગામે ૩૧ જાન્યુઆરીના રોજ ગામને પાણી પૂરૂ પાડનારી ઓવર હેડ ટેન્ક, તળાવ તથા ભૂગર્ભ ટાંકાનો ઉદ્દઘાટન કાર્યક્રમ મહાનુભાવોના હસ્તે યોજાયો. વિવિધ વકતવ્યોમાં જણાવ્યુ કે કોમ્પ્યુટર યુગમાં પાયાની સુવિધા માટે પીવાના પાણીની વ્યવસ્થા ઉભી કરવી તે દુઃખદ છે. વરસાદનું વહી જતું પાણી રોકવા તથા પાણીનો બગાડ અટકાવવા લોકોએ જાગૃત થવાની જરૂર છે. ગામડા જાગશે ત્યારે જ વિકાસના કાર્યો અસરકારક બનશે.

## ટ્રેકિંગ કેમ્પ

અભિયાન જંકેટ દ્વારા ડોડીતાલ, ભૃગુતળાવ, ગઢવાલ, મનાલી વિ. સ્થળો એ ૨૦ એપ્રિલથી ૯ મે અને ૧૫ એપ્રિલથી ૫ જુન દરમ્યાન ટ્રેકિંગ કેમ્પ યોજવામાં આવનાર છે. તેમજ આંદામાન, માલદીવ અને મનાલી ટુર પ્રોગ્રામ ગોઠવવામાં આવ્યો છે. તો ભાગ લેવા ઈચ્છતા ભાઈ – બહેનોએ 'અભિયાન જંકેટ' (૨, સ્વપ્નીલ ફલેટસ, ભીમનાથ મંદીર પાસે, ન્યુ શારદા મંદીર રોડ, પાલડી, અમદાવાદ–૭ ફોન નં ૦૭૯–૬૬૦૩૭૭૩) નો સંપર્ક કરવો.

## સેવા –અમદાવાદ મેનેજમેંટ એસોસીએશન

સેવા અને અમદાવાદ મેનેજમેન્ટ એસોશીએશન દ્વારા ૨થી ૩ માર્ચ દરમ્યાન 'સ્વૈચ્છિક સંસ્થાઓની સેવાલક્ષી પ્રવૃતિઓનું માર્કેટીગ' અંગે તાલીમ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. તાલીમમાં ભાગલેવા ઈચ્છતી સ્વૈચ્છિક સંસ્થાઓએ અમદાવાદ મેનેજમેન્ટ એસોશીએશન, અટીરા કેમ્પસ, ડો. વિક્રમ સારાભાઈ માર્ગ અમદાવાદ. ફોન નં (૦૭૯) ૬૩૦૮૬૦૧–૨–૩નો સંપર્ક કરવો.

## લોકમિત્રા – ઢેઢુકી

જસદણ તાલુકાના હજારેક માણસોની વસ્તી ધરાવતા ઢેઢુકી ગામમાં ચૈતન્ય ભટ્ટ અને તેમના સાથીઓએ ભાંગતા જતા ગામડાને બેઠા કરવા લોકભાગીદારીથી થતા કામોમાં સામેલ કર્યા. અંધશ્રધ્ધા અને વહેમોમાંથી મુકત કરવા અને પાણીની જાળવણી કરવા સહયોગી તરીકેની ભૂમિકા માટે પાંચેક વર્ષ પહેલા કાર્ય શરૂ કર્યુ.

કિલ્લોલ અને કલરવ મંડળોની સ્થાપના કરી કિલ્લોલના બાળકો પોતાની સર્જનાત્મક શકિતથી જુદા જુદા પ્રકારના અભિનંદન કાર્ડ જાતે બનાવે છે. અને વેચાણ પણ જાતે જ કરે છે. તેનાથી મળતા નફાની સમાનભાગે વહેંચણી કરે છે. પ્રવાસ, રમતગમતના સાધનો, પુસ્તકોની ખરીદી પણ તેમાંથી થાય છે. આ બધુ સંચાલન પણ બાળકો જ કરે છે. સંસ્થા બાળકોની જૈવિક વૈવિધ્યની ઓળખ માટે કાર્યક્રમો પણ યોજે છે.

લોકમિત્રાએ કાપાર્ટની સહાયથી જળસંગ્રહના કામો જેવા કે ચેકડેમ, નાલાપ્લગ વિ. ગામ લોકો પાસે કરાવ્યા છે. જેનાથી ઘણા ખેડુતોની ખેતી સમૃધ્ધ બની છે. સંસ્થાના કાર્યક્રમમાં સમાવિષ્ટ ગામોમાં ૮ સ્વાશ્રયી જુથોની રચના થઈ છે. જેમની બચત રૂા. ૧ લાખથી પણ વધારે છે. કલરવનામે યુવા મંડળ પણ બચત કરે છે. વિકાસના કાર્યો પણ કરે છે.

## મોટા બામણા ગામે પર્યાવરણ શિબિર યોજાઈ

આશરા સંસ્થાન ગાજીપુર દ્વારા 'વિકસત' અમદાવાદના સહયોગથી મોટા બામણા ગામે પર્યાવરણ શિબિર યોજાઈ જેમાં ૨૫૦ જેટલા ભાઈ બહેનો તેમજ વિદ્યાર્થીઓ હાજર રહયા હતા.

જેમાં પર્યાવરણનું મહત્વ, પર્યાવરણ અને માનવજીવન, પ્રદુષણ અને પર્યાવરણ, પ્રદુષણના જોખમો અને તેને નિવારવાના ઉપાયો, તેમજ પાન મસાલા વ્યસન બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી તેમજ 'સ્વરાજ ગુજરાત' તરફથી ગ્રામસ્વરાજ પુસ્તકાલયનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું.

## અખિલ સૌરાષ્ટ્ર સજીવ ખેતી સંમેલન

રાસાયણિક ખાતરો અને રાસાયણિક જંતુનાશકો થી જમીન બગડી છે, ફળદ્રુપતા ઘટી છે. વધુને વધુ ઉપયોગ કરવા છતાં ઉત્પાદન ઘટયુ છે. આ રીતે ખેડુતો એક ખોટા દુષ્ચક્ર માં ફસાયા છે. 'સજીવખેતી' આ માટે શ્રેષ્ટ ઉપાય છે. આઝાદી બચાવો આંદોલન રાજકોટ અને 'જતન' વડોદરાના ઉપક્રમે રાજકોટ ગાંધીબાગ ખાતે ૨૭/૨/૨૦૦૦ના રોજ સજીવ ખેતી સંમેલન યોજાશે જેમાં સજીવ ખેતીના અનુભવીઓના અનુભવોનો લાભ ઘણા ખેડુતોને મળશે. ખેતી સાથે સંકળાયેલા ખેડુત ભાઈઓ તથા ખેતિ પર કામ કરતા સ્વૈચ્છિક કાર્યકરોને આ સંમેલનમા જોડાવા અપીલ છે.

**જાગૃતિ આવ્યા પછી વિકાસ આપ મેળે થાય છે.**

### જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ કાર્યક્રમ

### સ્વ સહાય જુથો

૧૭–૨–૨૦૦૦ના રોજ આંબલીયાળા મુકામે મહિલાઓના બે જુથો તથા પુરૂષોના એક જુથની બેઠક મળી. આ જુથના સભ્યોએ એકત્ર થઈ દર સોમવારે ગામમાં વ્યસનોથી ઘેરાયેલા કોઈ એક કુટુંબની મુલાકાત લઈ વ્યસન મુક્તિ માટે અભિયાન છેડયુ છે.કુટુંબના દરેક સભ્યો વ્યસન છોડવા માટે સમંતિ આપે છે અને ફરી વ્યસન શરૂ ન કરે તે માટે જુથના ભાઈ–બહેનો કાળજી રાખે છે.જો વ્યસન કરતા માલુમ પડે તો રૂા.૨૦૦ દંડ અને જુથના સભ્યોની માફી માગવી પડે છે.આ જ જુથોની ૩૫ બહેનોએ મકરસક્રાંતિના દિવસે એકત્ર થઈ આખો દિવસ કામ કરી ગાયો માટે ઘાસ એકત્ર કર્યુ હતુ. ૧ ફેબ્રુઆરીની પચપચીયાના જુથોની બેઠકમા અંજુબહેને પોતાની દુકાનમાટે રૂા. ૧૦૦૦, સોનલબહેને અનાજ લેવા રૂા. ૧૦૦૦ તથા માલુબહેને રૂા. ૫૦૦ ખાતર માટે ધિરાણ મેળવ્યુ.માલુબહેને સાળવા મેળાવડામાં રજુ થયેલ નાટકમા પહેલીવાર અભિનય કર્યો તે બાબતે પોતાને થયેલ સુખદ અનુભવની રજુઆત આજની મીટીંગમા કરી.સાળવા સુરેશભાઈ સુતરીયાએ દુકાન માટે રૂા. ૫૦૦ ધિરાણ લીધુ. ચાલુ માસમાં પીપરીયા, રબારીકા અને તાંતણીયા મુકામે રચાયેલા જુથોના બેંકમા ખાતા ખોલાવવામા આવેલ છે.

### ગ્રામિણ સમિતી

ગ્રામિણ સમિતીઓ દ્વારા તેમને ફાળવેલ ભંડોળ સામે યોજનાના કામો પુર્ણ થયેલ છે. ૬૦% જેવી કામગીરી પુર્ણ થઈ છે. ભંડોળના અભાવે આકામગીરી અધુરી રહેવા પામી છે.પરંતુ લોકોએ જાતે પોતાની રીતે પોતાના ખર્ચે પણ ઘણાં કામો કર્યા છે જે આ યોજનાની પ્રેરણા છે.૯૮–૯૯ ના વર્ષથી જ યોજનાના કામો શરુ થયા હોય આ સમિતિઓ માટે બીજુ જ વર્ષ છે. માર્ચ ૯૯ મા પુર્ણ થયેલ આ યોજનાની એક વર્ષ મુદત વધારી આપવામા આવી હતી.પણ આ તાલુકામા આ યોજનાની કામગરી અમલીકરણ સંસ્થાને ઓગ. ૯૭ માં સોંપવામા આવી હોવાથી યોજનાના હેતુઓને પરિપુર્ણ કરવા માટે એક વર્ષનો મુદત વધારો હજુ આપવામા આવે તેવી રજુઆત દરેક સમિતીઓની છે.

### મુલ્યાંકન

સંસ્થા દ્વારાત્રણ વર્ષથી ચાલતા ૧૦ વોટરશેડ પ્રોજેકટમાં સંસ્થા આ માસમાં કરેલ કામોનુ મુલ્યાંકન માટે સર્વેકરી,તેનુ વિશ્લેષણકરી રીપોર્ટ તૈયાર કરી રહી છે.

૫ માર્ચના રોજ ખાંભા મુકામે સ્વસહાય જુથોના જુથલીડરો માટે હિસાબી બાબતો અને અહેવાલ લેખન માટે તાલિમ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.જેમાં ૨૨ સ્વસહાય જુથના જુથલીડરોને તાલિમ આપવામાં આવશે.

### રૂગનાથપુર ગામે વિવિધ સંકુલોના ઉદઘાટન

રૂગનાથપુર ગામનાં સંપ અને સહકારથી સતત વિકાસ થઈ રહયો છે.તેમાં વિશેષ ઉમેરો કરવાના હેતુથી પ્રા.શાળાનું નવું બિલ્ડીગ,સાંસ્કૃતિક ભવન,ચબુતરો તથા સાર્વજનિક કુવા ઉપર પવન ચકકીના ખાત મૂર્હત મહાનુભાવોના હસ્તે તા.૨૬ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવ્યું તેમા શાસ્ત્રી શ્રી માઘવ પ્રિયદાસજી સ્વામીએ આર્શીવાદ પાઠવ્યા.

### બિન ઉપયોગી સંપતિ

સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમા વિવિધ પ્રકારની ખાણો આવેલી છે. આમાની ઘણી ખાણો પુરતો માલ નરહેવાના કારણે છોડી દેવામા આવેલ છે. આવી ખાણો બિન ઉપયોગી પડી છે.તેમા કેનાલ વાળી કે અન્ય કોઈ રીતે પાણી ભરી દેવામાઆવે તો આજુ બાજુ ના કુવા સજીવન રહે અને મોટી ખાણ હોયતો લીફટ ઈરીગેશન પણ થઈ શકે.

અરવીંદ આચાર્ય, ઘરશાળા –સુરેન્દ્રનગર

### યુવતિ વિકાસ કેન્દ્ર

તા.૨ ના રોજ પચપચિયા સ્વા.મંદિરના પ્રાંગણ માં જુથ મિટીગ યોજવામાં આવી.જેમાં બહેનોનુ આરોગ્ય,બ્લડ ગૃપ,કૃમિ ઉપચાર,લગ્ન જીવનની પૂર્વ તૈયારી વિ.મુદાઓને આવરી લઈ ૧૮ યુવતીઓ જોડાઈ. આ સમયે યુવતીઓને તેમના પ્રશ્નોનું ત્યાંજ નિરાકરણ કરવામાં આવ્યું.તા.૯ના રોજ વરસડા ગામે જુથ મિટીગ યોજી જેમાં બહેનોના કાનુની અધિકારો અને બહેનોના આરોગ્યના મુદા ને આવરી લઈ ૧૨ યુવતીઓએ ભાગ લીધો હતો. તા.૧૦ના રોજ કોટડા જુથ મિટીગમાં ૨૪ યુવતિઓ સાથે શરીરની સ્વચ્છતા પર વાર્તાલાપ થયો.તા.૨૦ના રોજ રબારિકા મુકામે મિટીંગ યોજવામાં આવી જેમાં માસિક સ્ત્રાવ,ગર્ભપાત,આંખમાંથી પાણી આવવુ અને લગ્ન જીવનની પૂર્વ તૈયારી વિ.મુદાઓને આવરી લઈ ૨૫ યુવતિઓ ને માર્ગદર્શન આપવામાં આવ્યું. આ ઉપરાંત ૧૫ જેટલી યુવતિઓએ કેન્દ્ર પર આવી ખીલ,માથુ દુખવું,માસિક સ્ત્રાવ વખતે દુખાવો, ધો.૧૦ પછી ના અભ્યાસક્રમો વિ.પર વ્યકિતગત માર્ગદર્શન મેળવ્યુ હતું.

**જો આપણે મુલ્ય આધારિત સમાજની રચના કરવા માંગતા હોઈએ તો દરેક નાગરિકની રહેણી કહેણીની ગુણવતાને ઉચ્ચ સ્તર સુધી પહોંચાડવી પડશે. અહીં અમારો આશય રહેણી કહેણીની ગુણવતા સાથે છે જીવનની ગુણવતા સાથે નહીં.સુવિધાથી વંચિત વર્ગો માટે રહેણી કહેણીની ગુણવતા એક વાસ્તિવિકતા છે, પરંતુ જીવનની ગુણવતા એક સ્વપ્ન છે.સ્વૈચ્છિક સંગઠનોએ પ્રતિબધ્ધ થઈને મુલ્ય આધારિત પ્રક્રિયા માટે કામ કરવુ પડશે.**

(વાણી–વોલેન્ટરી એકશન નેટવર્ક ઈન્ડિયા)

**માત્ર સવાલો ન ઉઠાવો, ઉકેલ શોધો.–મહેશ પંડયા**

### 'પ્રભુની ફુલવાડી'

ઐતિહાસિક ગ્રંથ 'પ્રભુની ફુલવાડી'સ્વ. શ્રી શંભુલાલ ટીડાભાઈ પટેલે લખી પ્રકાશિત કર્યો હતો, તેનું સંપાદન અદ્યતન સ્વરૂપે હવે સુપ્રસિધ્ધ પત્રકાર, સર્જક અને સમાજસેવક શ્રી ગોરધનદાસ સોરઠિયાએ કર્યુ છે. સામાજિક સંદર્ભ માટે અત્યંત ઉપયોગી એવા આ નવસંસ્કરણ પામેલા ગ્રંથનો લોકાર્પણવિધિ કાર્યક્રમ ૨૭ ફેબ્રુઆરીના રોજ અમરેલી ખાતે યોજાયો.

### સરદાર ફિલ્મ

ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના જીવનને દર્શાવતી પરેશ રાવળ અભિનિત 'સરદાર' ફિલ્મના આયોજન માટે નજીકના માહિતિ કેન્દ્રનો સંપર્ક સાધવા જણાવવામાં આવે છે.

### સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના

સૌરાષ્ટ્ર,કચ્છ અને ઉતરગુજરાતમાં ચોમાસુ નિષ્ફળ જવાથી ઉભી થયેલ અભુતપુર્વ જળસંકટ જેવી પરિસ્થિતિ ફરીથી ઉભી ન થાય તે માટે ગુજરાત સરકારે રૂા.૧૦૦કરોડ જેવી મોટી રકમ ના ખર્ચે ૨૦૦૦ થી વધુ ચેકડેમો આવતા ચોમાસા પહેલા પ્રજા,સ્વૈચ્છિક સંસ્થાઓ અને દાતાઓનો સહકાર મેળવી બાંધવા માટે સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અમલમાં મુકી છે.સરકાર ચેકડેમની કિંમતના ૬૦%ફાળો આપશે.લોકજુથ/સ્વૈ.સંસ્થા ચેકડેમ બાંધશે અને ૪૦% ખર્ચ ભોગવશે.આ યોજના હેઠળ ૧૦લાખ સુધીના ચેકડેમ બાંધી શકાશે,જેમાં ૬લાખ સુધીના ચેકડેમોમાં લોકો/સ્વૈ.સંસ્થાઓ ૪૦% ફાળો આપી બાંધશે. ૬થી૧૦ લાખ સુધીના ચેકડેમ સરકાર પોતે અથવા વધુ ફાળો આપનાર દાતા અથવા સ્વૈ.સંસ્થા બાંધશે.

### વૃક્ષપ્રેમ સેવા ટ્રસ્ટના વિચારો

પાણી રોકવાના કામોમાં (૧)સિમેન્ટ ટેકો (૨)દરેક તાલુકાને ૧કરોડ ફાળા સામે ૧કરોડ સરકાર આપે (૩)દાતા ૫૧%દાનઆપે તો ૪૯% સરકારી ગ્રાંટમળે આ યોજના માટે વૃક્ષપ્રેમના વિચારો નીચે મુજબ છે.

(૧)જેગામ પાણી રોકવા માટે ચેકડેમ બનાવવાનુ આયોજન કરે તેને બધા ચેકડેમની સિમેન્ટઆપવી જોઈએ. ચેકડેમ માટે ઘનમીટરે ૧.૨૫ થી ૧.૫૦થેલી સિમેન્ટ આપવી જોઈએ.SOR પ્રમાણે સિમેન્ટ આપવી નહી.

(૨)SOR મુજબ એક ઘનમીટરના ખર્ચના રૂા.૧૦૦૦ આશરે,જ્યારે ખરેખર ખર્ચ રૂા ૫૦૦ આશરે થાય છે. સરકારી વહીવટમાં એન્જિનીયરોનો આગ્રહ રખાય છે.જેથી ગુંચવાડો ઉભો થાય છે. સરકારની તમે તમારો ચેકડેમ બાંધો ૧૦% વાળી યોજનામાં ૧૦%ઉપર કામો થયા જ નથી.જેથી ઘનમીટરે ૧.૨૫ થી ૧.૫૦ થેલી સિમેન્ટ આપવાનુ જ રાખવુ જોઈએ.

(૩)આ યોજના બિલકુલ ખોટી છે.૫૧% દાતા અને ૪૯% સરકાર આપે તો ખેડુત ક્યાં જાય?ખેડુત જો પોતાનુ યોગદાન કામની જાળવણી પ્રત્યે કાળજી રાખશે.ભવિષ્યમાં રીપેર કરવાની કે માટી કાઢવાની જવાબદારી અસરકારક રહેશે.

### ઉન્નતિ

સંસ્થા દ્વારા સામાજીક વિકાસ પરિપેક્ષ્યપર પ્રશિક્ષણ કાર્યક્રમ માર્ચ ૨૭ થી ૩૧ દરમ્યાન યોજાનાર છે.ઉન્નતિની સાથી સંસ્થાઓ માટેના આ તાલીમ કાર્યક્રમમાં સહભાગીતા,જેંડર પર આધારિત ન્યાય,સશકિતકરણ અને સામાજીક ન્યાય જેવી અવધારણાઓનુ સ્પષ્ટીકરણ અને તેનો વ્યવહારમાં ઉપયોગ પર તાલીમ આપવામાં આવશે.

Printed by Dhiren Vagadia and Published by Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centere and Printed at Devkamal Computers- Amereli and Published at Amreli, Editor Dhiren Vagadia.

**Book -Post,Printed Matter**
**Post Regn. No. G/AMI-91/99**

ESC

પ્રતિશ્રી, ______________________

ટપક કાર્યાલય
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર-૨ અમરેલી
☎(૦૨૭૯૨)૨૩૫૨૫,૨૦૬૩૫

**ટુંકી દ્રષ્ટિ થી લાંબાગાળે મોટુ નુકસાન થાય છે.**